મતદાન બાદ રાજકારણના જંગલમાં પશુ-પ્રાણી વચ્ચે જોડાણ થાય એ બાબત મતદારોનો પરાજય ગણાય

મૂર્ખોત્સવ : નેતા-નેતી જીત્યા, લોકો હાર્યા !

૧ નેતા-નેતી જીત્યા, લોકો હાર્યા !

તંત્રીશ્રી,

લોકસભાની ચૂંટણીના પરિણામો ભલે શનિવારે આવવાના હોય, પરંતુ અગાઉથી જ પરિણામો જાહેર થઈ ગયા જેવું જ બની રહ્યું છે. નેતાઓ નેતીઓ જીતી રહ્યા છે અને લોકો - મતદારો હારી રહ્યા છે. ચૂંટણી પૂર્વે વિવિધ રાજકીય પક્ષો જોડાણ કરીને ચૂંટણી લડે તેમાં કંઇ વાંધો ન હોઇ શકે, પરંતુ ચૂંટણી બાદ સરકાર રચવા રાજકીય જોડાયો થાય તો એ મતદારોના દ્રોહ સમાન ગણાય. ડાબેરી પક્ષો વિરૂધ્ધ બેફામ પ્રચાર કરીને ચૂંટણી લડનારા કોંગ્રેસી ગલુડિયાં ચૂંટણી બાદ સરકાર રચવા ડાબેરીઓ સામે પૂંછડી પટપટાવવા લાગ્યા છે... એ જ રીતે જયલલિત સામે લડનારા ભાજપી બંદરો ચૂંટણી બાદ જયાદેવીના દરબારમાં કથ્થક કરવા લાગ્યા છે.

રાજકારણના જંગલમાં લાલુ - મુલાયમ - માયા જેવા ખેપાની પ્રાણીઓ પણ શિકારની શોધમાં રઘવાયા બની ગયા છે.

ચૂંટણી પહેલા વિચારધારાનો બકવાસ કરીને પ્રચારના ભૂંગળામાં ભાંભરનારા ભારતીય રાજકારણના પશુઓ, પક્ષીઓ, પ્રાણીઓ મતદાન બાદ પ્રથમ ભક્ષણ પોતાની વિચારધારાનું જ કરે છે, બીજો શિકાર મતદારોની લાગણીનો હોય છે. ચૂંટણી બાદ થનારા જોડાણો મતદારોની ખુલ્લેઆમ હાર છે, લોકશાહીનું સરાજાહેર વસ્ત્રાહરણ છે, પરંતુ કમાલની બાબત એ છે કે આ શરમજનક સ્થિતિમાં પણ મોટાભાગના ભારતીય મીડિયા ડાગલા જેવા બનીને તાળીઓ પાડે છે.

વિચિત્ર બાબત એ ગણાય છે કે, આવું વર્ષોથી ચાલે છે, ભારતીય મતદારો છેતરાવાના, મૂરખ બનવાના અને હારી જવાના શોખીન બની ગયા છે. ભાજપ - કોંગ્રેસ કે અન્ય પક્ષો એકબીજા વિરૂધ્ધ લડનારા પક્ષો ભેગા થઇને સરકાર રચશે ત્યારે લોકો પણ ઉત્સાહના ઉફાણે આવીને ઉછળવા લાગશે... વાસ્તવમાં લોકોને હરાવીને જ નેતાઓ - નેતીઓ જીત્યા હોય છે. લોકજાગૃતિ નહિ આવે ત્યાં સુધી ભારતમાં મૂર્ખોત્સવ ઉજવાતો રહેશે, ભારતમાતાનું જે થવું હોય તે થાય કરો જલ્સા !

- રવજીભાઇ પટેલ

સુખનું સરનામુ

તંત્રીશ્રી,

માણસની ઈચ્છાઓ આકાશને પણ પોતાનું કરવાની હોય છે. અપેક્ષાઓનો વ્યાપ જેટલો વિશાળ એટલો વલોપાત વધારે. પણ જે સંતોષી છે એને કાયમ આનંદ જ હોય છે. સંતોષરૂપી સુખ એ બધાં જ સુખોથી સર્વશ્રેષ્ઠ હોય છે. સામાન્ય જન તો કહેતો હોય છે કે 'બાળ્ય સોનું તે કાન તોડતું.' જે સોનાનું ઘરેણું કાનને નુકસાન કરતું હોય, એનો શો અર્થ ? ભલે તે કિંમતી હોય, તેથી શું જે છે, એમાંથી આનંદ મેળવો. આપણે તો જે નથી એની ફિકરમાં જે છે એને માણી શકતા નથી. કોઇએ સાચું કહ્યું છે કે, 'એક નાનકડું પક્ષી સુધ્ધાં તેના નાના માળાથી સંતુષ્ટ હોય છે.' પણ આપણે તો મહેલોમાં વસતા હોઇએ તોફ સંતોષ થતો નથી. બેસી રેબતીને કહ્યું : 'જ્યારે આપણી પસંદની વસ્તુ આપણી પાસે ન હોય, ત્યારે આપણી પાસે જે હોય તેને પસંદ કરતાં શીખવું જોઇએ.' જે વ્યક્તિ તે કરી શકતી નથી તે દુઃખી થાય છે.

- શૈલેશ સોલંકી

- તો લોકસભામાં સરકસના ખેલ !

તંત્રીશ્રી,

લોકસભાની ચૂંટણીના મતદાનનો છેલ્લો તબક્કો બુધવારે પૂરો થશે. ભારતની જનતાએ કોના કપાળે રાજતિલક કર્યું હશે ? કોણ બનાવશે સરકાર ? કોણ બનશે વડાપ્રધાન ? મુરતીયાઓનો રાફડો ફાટયો છે. આ વખતે ડો. મનમોહનસિંહ, લાલકૃષ્ણ અડવાણી, માયાવતી, નવીન પટનાયક, લાલુ, મુલાયમ, પાસવાન, શરદ પવાર, દેવે ગૌડા, જયલલિતા, પ્રકાશ કરાત વગેરે. કદાચ, કોઇ ડાર્ક હોર્સ, દેવે ગૌડા કે ગુજરાલ કે નરસિંહ રાવની જેમ નીકળી પણ આવે. ૨૦૦૪ની ચૂંટણીનાં પરિણામો આવ્યા ત્યારે રાજકીય પક્ષો અને રાજકીય નિરીક્ષકો ગોથાં ખાઇ ગયા હતા. ધાર્યા કરતા અલગ જ રિઝલ્ટ હતા. આ વખતે પણ એવું થશે તેમ કોઇ કહી ન શકે, પણ ચોકાવનારા પરિણામોની અપેક્ષા તો દરેકને છે જ. એનડીએ કે યુપીએ સરકારમાં આવે તો વડાપ્રધાન તરીકેના વ્યક્તિ નિશ્ચિત છે, પણ ખાટલે મોટી ખોટ એ છે કે ભાજપ અને કોંગ્રેસ, બેય પક્ષોને પોતાને વિશ્વાસ નથી કે તેમના નેતૃત્વવાળા મોરચા સત્તાના સિંહાસન સુધી પહોંચી શકશે. પ્રશ્ન ત્યાંથી જ શરૂ થાય છે. એનડીએ કે યુપીએ સરકાર ન રચી શકે તો કોણ રચે ? વડાપ્રધાન કોણ બને ?

- સંધ્યા પરમાર

લાલુ - મુલાયમ - માયાની 'માયાવી' રાજનીતિ પૂરી ?

તંત્રીશ્રી,

બિહાર અને ઉત્તર પ્રદેશના મળતા અણસારો પ્રમાણે લાલુ, પાસવાન અને મુલાયમની ભારે પીછેહઠ થાય તેમ છે. હવે જો આવા પરિણામો આવે તો તેનો અર્થ શું એવો કરવો રહ્યો કે જ્ઞાતિ - જાતિનાં સમીકરણો ગોઠવી જેઓ સત્તાનું રાજકારણ ખેલતા રહ્યા હતા, તે યુગના અંતનો હવે આરંભ થઈ રહ્યો છે ? શાસકોને 'વન્સ-મોર' નહીં આપવાનો જે સિલસિલો ૧૯૭૧થી ચાલતો રહ્યો છે, તે ૨૦૦૯માંચાલુ રહે કે ન રહે પરંતુ આ ચુંટણીમાં લાલુ, પાસવાન અને મુલાયમ અને કદાચ માયાવતી સહિત ઘણા નેતાઓ તેમના કદ પ્રમાણે વેતરાઇ જાય તો નવાઇ નહીં. આવું જ ડાબેરીઓનું થવાનો સંભવ છે અને તેઓ ૨૦૦૪નું પુનરાવર્તન કરી શકવાના નથી. ૧૬મી મે પછી નવા જોડાણો અને નવા સમીકરણો થવાના છે, પરંતુ તેઓ સ્થાયી અને સ્થિર શાસન આપી શકશે કે કેમ તે પ્રશ્ન તો રહેવાનો છે.

- ભાવિન આહિર

મોકળુ મેદાન... ઉઠાવો કલમ

પ્રિય વાચક મિત્રો,

''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ

: સરનામૂ :
અકિલા દૈનિક
મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ

જૈન શાસનઃ કડવું સત્ય

તંત્રીશ્રી,

આજે જૈન શાસનની કેવી દુર્દશા કહેવાય કે જૈન સમાજમાં આજે સજ્જનો બહુ ઓછા જોવા મળે છે. જૈન શાસનની કરૂણાજનક દશા જોઇ ધર્મપ્રેમી લોકોને મનમાં જરૂર ખેદ થશે. જવાબદાર કોણ ? જૈન ધર્મ દેખાડવા માટે નથી પરંતુ આત્મદર્શન કરવા માટે છે. જૈન શાસનની આ કરૂણાજનક અવદશા શું ક્યારેય નહી અટકે ? કારણ કે આજે ધર્મના નામે શાંતિની વાતો કરનારા જ શાંતિને ડહોળે છે. જૈન શાસનની બદનામી અને જૈન કોમના ધજાગરા સરાજાહેર થઈ રહ્યા છે. જે દુઃખદ બાબત છે.

વિવાદો અને ધમાસાણ માટે જવાબદાર કોણ ? કોના લાભ અને સ્વાર્થ માટે ? આજે ધર્મના નામે કેટલાક લોકો (સાધુ સાધ્વી) સહિત પોતાની મનમાની, ગુંડાગીરી, દાદાગીરી, ભ્રષ્ટાચારો વગેરે સ્વતંત્રતાથી કરી રહ્યા છે. જેમને સારા-સમજદાર ગણી શકાય તેવા લોકો કમજોર, નિષ્ક્રિય અને સ્વાર્થી બનીને બધુ ચુપચાપ બેસીને જોઇ રહ્યા છે. તેથી વિષમ પ્રવૃત્તિ કરનારા લોકો વધુ સક્રિય થઇ રહ્યા છે.

આજે કેટલાક સજ્જનો વિચારે છે કે સમાજમાં જાગૃતિ લાવવા આપણે કોઇ કામ કરવું જોઇએ, પરંતુ તેમાંથી મોટાભાગના લોકો ફકત વાતો અને વિચારો જ કરે છે. થોડા લોકો જાગૃતિ લાવવાનું કાર્ય શરૂ કરે છે પરંતુ તેઓમાં એકતા નથી આવતી. આ જગતને દુર્જનોની દુર્જનતાથી જેટલું નુકસાન થાય છે તેનાથી વધુ નુકસાન તો સજ્જનોની નિષ્ક્રિયતાથી થઇ રહેલ છે. ધર્મના નામે બનતી અનેક ઘટનાઓ અને દુર્ઘટનાઓ આજે અખબારના પાને ચમકી ચુકી છે અને લોકોએ તેનો ઘટનાક્રમ પણ નિહાળ્યો છે. આજે કેટલાક બની બેઠેલા સજ્જનો એમ વિચારે છે કે સમાજમાં સુધારો કે જાગૃતિ આવશે નહી તો પછી આપણે શા માટે બદનામ અને હેરાન થવું ? દુર્જનો સહેલાઈથી એકતા સાધી લે છે અને સમાજને સહેલાઈથી નુકસાન કરી રહ્યા છે. જ્યારે સજ્જનોમાં કે સાધુ-સાધ્વીઓમાં એકતા આવતી નથી. કારણ કે બધાને અહમ્ નડે છે. બધાને સત્તા જોઈએ છે, બધાને સમાજના પૈસે તાગડધિના કરવા છે, નામ અને કિર્તી, પબ્લિસીટી વગેરેમાં વધુ રસ છે. સાધુ તેનો પ્રેરક અને પોષક છે. શાસનનું કે સંપ્રદાયનું ઉત્થાન ત્યારે જ સંભવ છે જ્યારે સૌ કોઇ સાધુ-સાધ્વી સહિત પોત-પોતાની સ્વતંત્ર વિચારધારાને તિલાંજલી આપે.

સમાજ ઉપયોગી શુભ કાર્ય એક વ્યક્તિ એકલી કરે તો બહુ ઓછું કાર્ય કરી શકે પરંતુ અનેક લોકોની બહેલી તટસ્થ, નિષ્પક્ષ અને આદર્શ સંસ્થા પુરતું કાર્ય સહેલાઈથી કરી શકે. ધાર્મિક લોકોએ સંગઠિત થઈને તેમનું શુભ કાર્ય કરવું જોઈએ. ફકત રૂપિયા ભેગા કરવામાં કે પોતાની પ્રસિધ્ધી મેળવવાના ચક્કરમાં પડે નહીં. શુભ કાર્યોના પરિણામ કદાચ મોડા આવે પરંતુ શુભ કાર્યોના ફળ જરૂર મળે છે. સમાજમાં કદાચ પૂરતી જાગૃતિ ન આવે પરંતુ તેનાથી સ્વયંનો આધ્યાત્મિક વિકાસ જરૂર થાય છે.

- બી.બી.મહેતા (રાજકોટ)

છેલ્લો પત્ર

પત્રો - ટૂંકાવીને...

ચાલો અધુરા પ્યાલા છલકતા કરી દઈએ... ખાલી ઉપવનોમાં પુષ્પો ભરી દઈએ... વા-વંટોળ સૂસવાતા વાયરામાં ચાલો, પગ અડગ કરી ઉભા રહીએ... (જસમીન દેસાઇ, રાજકોટ) ★ લાગે છે સર્જક પણ કંઇક શોધી રહ્યો છે, નહિતર સૂરજને ઠારીને ફરી રોશન શા માટે કરે ? (રમેશ માંડલિયા, રાજકોટ) ★ ઉરે કળતો જાય છે માણસ, દૂરે મળતો જાય છે માણસ, ક્યાંક નયન નમણા દશ્યોમાં નૂરે ઢળતો જાય છે માણસ. (યુસુફ પઠાણ, વવાણિયા) ★ વાઘ સાથે માણસ રહેતો નથી છતાં આક્રમક છે, શ્વાસ સાથે રહે છે છતાં વફાદાર નથી... 'સોબત તેવી અસર' કહેવતમાં દમ નથી ! (રમેશ આશર - કાલાવડ) ★ તમે આંસુ સારો મરેલા કાજે, હું રડું જીવતાને જોઇ... (વિમલ સવજિયાણી, જામજોધપુર) ★ ઈશારામાં હું કંઇક સમજ્યો, તું પણ કંઇક સમજી... બંને વચ્ચે અણધારી સમજની આપ-લે થઈ હતી. હું જીદી હતો તો તું પણ ક્યાં ભોળી હતી ? પ્રેમાલાપમાં ક્યાં નક્કી કરેલી દિવાળી કે હોળી હતી ? (કેતન નંદાણિયા, વિસોત્રી, તા. ખંભાળીયા)

ભયાવહ રાજનીતિ

તંત્રીશ્રી,

વિશ્વની વિરાટ લોકશાહીના પદાધિકારીઓની નિમણૂંકો જનતા કરે છે અને તે માટે ચૂંટણી પ્રથા બંધારણીય સિસ્ટમ પ્રમાણે જ છે. તે પ્રમાણે ભારતની ૧૫મી રાષ્ટ્રીય સરકારની રચના માટેની ચૂંટણીના પડઘમ ચાલુ છે.

ઈતિહાસના નેતાઓ સાથે આજના લોકપ્રતિનિધિઓને સરખાવવામાં આવે તો આ વામન લાગે છે. ૧૧૬ કરોડ લોકોનું પ્રતિનિધિત્વ કરવાનું જેનું કામ છે તે રાષ્ટ્રીય સરકારના ૫૪૩ સાંસદોને ચુંટવાનું કામ પ્રજાનું છે. આજે એ ચુંટણીના ઉમેદવારોને એ પણ ખબર નથી કે આ જનતાના મુખ્ય પ્રશ્નો શું છે અને સાંસદની પ્રતિભા કોને કહેવાય. આજે એક પણ પક્ષ પાસે વ્યવસ્થિત પ્લાનીંગ પ્રમાણે લોકોના પ્રશ્નો અને તેનું સોલ્યુશન શું છે તેની ખબર નથી. માત્ર એકબીજાના ચારિત્ર્ય ઉપર કાદવ ઉછાળી પ્રજાને મૂર્ખ બનાવાય છે. જે લોકો સહકારી બેંકો સ્થાપીને કરોડો રૂપિયા સામાન્ય લોકોની મરણ મૂળી ખાઇ ગયા તેની પાસેથી વસુલાત ન કરી શકનારા આ મહારથીઓ વિદેશોની બેંકમાં પડેલા ભારતના નાગરિકોના ખાતામાંથી કઢાવીને લઇ આવવાની વાત સો ટકા લોકોને મૂર્ખ બનાવવા જેવી સ્પષ્ટ દેખાય છે ને જાહેરમાં કહે છે.

પ્રજાને બે રૂપિયે કિલો અનાજ આપવાની વાત કરનારા જાણે તેમના ગજવામાંથી આપતા હોય તેવો દાવો કરે છે તે ખરેખર એવું છે કે ભારતની ૧૧૬ કરોડની જનસંખ્યામાંથી માત્ર ૨ કરોડને કદાચ એકાદ બે વખત આપશે અને તે પણ લોકોના પરસેવાની કમાણીમાંથી ભરેલા ટેક્ષની મૂળીમાંથી અપાશે. કદાચ આપે તો ? અને ૧૦૦ દિવસની રોજી રોટીની વાત તો નરી મૂર્ખાઇ છે અને મુરખ માણસ પણ સમજી શકે કે ૧૦૦ દિવસ પછી શું ? આવા ધડ માથા વિનાના આયોજનનું વચન દેનારા નેતાઓને કોઇ કહો રોજી રોટીના આયોજન કાયમીના હોવા જોઇએ આમ જનતાને ઉલ્લુ બનાવવાનું બંધ કરો.

જનતાની મુખ્ય મુશ્કેલી છે. પુરતી વીજળી, સસ્તુ શિક્ષણ, તાત્કાલિક ન્યાય, સંપૂર્ણ આર્થિક સુરક્ષા અને સામાજીક નારી સુરક્ષા, બેકાબુ મોંઘવારી ઉપર લગામ. આ પ્રજાની મુખ્ય માંગ છે. આ પૈકીની એકપણ સમસ્યા માટે એક પણ પક્ષે પ્રકાશ ફેંકયો નથી, કારણ કે આ ખુરશી લાલચુને સામાન્ય જનતાની ખબર જ નથી.

આતંકવાદી જાણે મોટો રાક્ષસ હોય અને એક સાથે ૧૦૦ કરોડની જનતાને ગળી જવાનો હોય તેવી રીતે તેનો પ્રચાર કરે છે. ને પ્રજાના માથામાં ભયનું સામ્રાજ્ય વિસ્તારીને મત ઝુંટવી લેવા હોય તેવા ભ્રામક પ્રચારો થાય છે. આતંકવાદ પાકિસ્તાન તરફથી મળેલ છે, તેનાથી વધુ તો એલ.ટી.ટી., નકસલવાદિ અને માઓવાદીઓએ ભય ફેલાવી રાખ્યો છે ને ચાલુ ચુંટણીનાં બંને તબક્કામાં તેઓ લોહીની હોળી ખેલી ચુકયા છે તેવા ભારતની અંદરના આ આતંકી પરીબળો વિશે એક પણ પક્ષ બોલવા તૈયાર નથી આતો એવું લાગે છે કે લોકોની ગરદન સુધી આ સ્થાનિક આતંકવાદીને લઈ જઈને ચુંટણીમાં ઉપયોગ કરવો હોય તો કામ લાગે માટે તેમના ઉપર ટીપ્પણી કરવાની કોઇ પણ પક્ષની તૈયારી નથી.

મૂર્ખાઇની પરાકાષ્ટા તો જુઓ ભારતના રાષ્ટ્રીય મંદિર સંસદ ઉપરહુમલો કરનાર અફઝલને ભારતના મુખ્ય ન્યાય મંદિરે ફાંસી આપી દેવાનો હુકમ કરી દીધો હોવા છતાં ફાંસી આપી નથી શકયા તેવા માટી પગા સત્તાધીશો એલ.ટી.ટી.ના વડા પ્રભાકરનની રાજીવ ગાંધી હત્યાના સહાયક તરીકે ભારતને સોંપી દેવાની માંગ કરે છે.

પ્રજાને ઉંધા ચશ્મા પહેરાવનાર આ સત્તાધીશો પાસે આ રાષ્ટ્ર માટે દિલ દાઝે તેવો એક પણ નેતા હાલમાં નથી. પક્ષ સાથે પરણી જનાર દેશ માટે કશું ના કરી શકનારા ટોળામાં રાષ્ટ્ર માટે જેનું આંતરડું તુટતું હોય તેવો રાષ્ટ્ર સપૂત આજે એક પણ નથી.

વચનનું જેની પાસે મૂલ્ય નથી જીંદગીમાં કોઇ સિધ્ધાંત નથી તેવા તક સાધુ અને સત્તાના પુજારી ભેડીયાઓને આ દેશમાંથી દેશવટો દેવા માટે હજુ એક વખત આઝાદીનો જંગ છેડવા સિવાય છુટકો નથી તેના માટે સરદાર, સુભાષ ને આઝાદને આપણે પેદા કરવા માટે રાષ્ટ્રીય સંસ્કૃતિ જેના હૈયે ધબકતી હોય તેવી જનની શોધવી પડશે.

- વંદના કાવઠીયા (રાજકોટ)

રે'ચા દેજે !

આંખમાંથી નીકળી રણ થૈ જશે,
કૈં ન હો, અફવા નથી પણ થૈ જશે.
નીકળે છે મુજ ગલીમાં એ ફરી,
અંધકારે ચંદ્ર ગ્રહણ થૈ જશે.
આપના આગમનના હો ઝાંજવા,
તો નજર મારી પણ હરણ થૈ જશે.
ભૂલ થી ભીના નયન તારા થશે,
આપને જો મારું સ્મરણ થૈ જશે.
ના અચાનક પ્રેમનો ઈકરાર કર
છે કસમ તારી મુજ મરણ થૈ જશે.

- સુનિલ ભીમાણી (પોરબંદર)

સમય નથી !

દરેક ખુશી છે અહિં લોકો પાસે, પણ હસવા માટે સમય નથી,
દિવસ-રાત દોડતી દુનિયામાં જીંદગી માટે પણ સમય નથી
મા ના હાલરડાંનો અહેસાસ છે, પણ માની મમતા માટે સમય નથી
બધા સંબંધો તો મરી ગયા જાણે, પણ તેમને દફનાવવાનો સમય નથી
બધા નામ મોબાઈલમાં છે, પણ મિત્રતા માટે સમય નથી,
પારકાઓની શું વાત કરવી, પોતાના માટે પણ સમય નથી.
આંખોમાં છે ઉંઘ ઘણીએ, પણ સુવા માટે સમય નથી,
દિલ છે ગમોથી ભરેલું, પણ સેવા માટે સમય નથી.
પૈસાની દોડમાં એવા દોડયા કે થાકવાનો પણ સમય નથી,
પારકા અહેસાનોની શું કદર કરીએ, જ્યાં પોતાના સપનાની જ કદર નથી.
તું જ કહે મને એ, શું થશે આ જિંદગીનું,
દરેક મળે મરવા વાળાને, જીવવા માટે પણ સમય નથી.

- નિલેશ પૂજારા (રાજકોટ)

મેરા દેશ..

ભારત કે કર્મ વીરો કો કહા આરામ
વો ઢુંઢતે હૈ હિન્દુસ્તા કે સુખકા આયામ
કભી સોચ તે ભી નહિ ભારત કે રાહબર
કે કર્મવીર ઓર સૈનિક ભી હૈ સહદદ બર
આયોજન કરતે હૈ કરોડ કા તો લાખો કી લુંટ
બાત ખુલતી હે તબ જબ આપસ કી હો ફુટ
બીના શ્રમ કી કોઈ બઢતી મિલકત હૈ
તો અગ્રેસર - દોડ કર દુશ્મન કો સાથ દેના હૈ
બગાવત હિન્દુસ્તાન કે લોકો કી જો ભડકી
છાંવ નહોગી 'જખ્મી' ઓર કાયમ હોગી તડકી.

- નાનુભાઇ પાલા (રાજકોટ)

જૂતા પ્રહારી

રાજકારણમાં પડયા, જોડા ખાવાના છે જૂતા પ્રહારી,
જેટલા મારવા હોય માર, બટન મારૂ દબાવ જુતા પ્રહારી.
હું નિરાભિમાની નિરાકાર, પછી પી.ડી.એ થશે જુતા પ્રહારી,
પરિણામ આવે, તોડ ફોડ થઈ સંધાય જુતા પ્રહારી
હોદ્દો મળે - પ્રધાન પદુ અભિમાન વકરે જૂતા પ્રહારી,
તારા પૈસાથી, પોલીસ તારાથી મને રક્ષે, જૂતા પ્રહારી.
તારા જુતા પ્રહારમાં પુષ્પવર્ષા લાગે, જૂતા પ્રહારી,
એટલે મેં ઈર્ષ્યા ત્યાગી, તું દો મતદાર જૂતા પ્રહારી.
તારી જોડા-રજ શીરે ચડે, મને ગમે જૂતા પ્રહારી,
તું મારો ભાગ્ય વિધાતા, સરકાર બને ત્યાં સુધી જૂતા પ્રહારી.
ઘેરથી પ્રેકટીસ કરીને આવ્યો, જોડા ખાવાની જૂતા પ્રહારી,
નિશાન ચૂક માફ, નહીં માફ નીચુ નિશાન જૂતા પ્રહારી.
પરિણામ આવી જવા દે, પછી ભાઈડાના જો ભડાકા જૂતા પ્રહારી
તેં એક જૂતું માર્યું રાહ મેં બીજાની જોઈ જૂતા પ્રહારી.
પહેરવાનું ભૂલી ગયો શું ? મતદાર જૂતા પ્રહારી,
ભિક્ષાન્ન જેમ વોટાન દે મતદાર જૂતા પ્રહારી.

- ડો. એન.એમ.મહેતા (રાજકોટ)

વ્યવસાયમાં લાગણી - નીતિનું એસન્સ નાખશો તો નફામાં સુખનો સ્વાદ મળશે..

વેપાર પુરાણ : ધન નહિ, લક્ષ્મી મેળવો

તંત્રીશ્રી,

કોઈ પણ વ્યક્તિ ઉપર લક્ષ્મીની કૃપા થાય ત્યારે બીજા લોકો તેની ઈર્ષ્યા કરવા લાગે છે. ઈર્ષ્યામાંથી સ્પર્ધા જન્મે છે અને સ્પર્ધામાંથી સંઘર્ષ પેદા થાય છે. આ કારણે જ 'શ્રાધ્ધવિધિ પ્રકરણ' ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે, 'લક્ષ્મીની પ્રાપ્તિ કર્મને આધીન છે, માટે કોઈ જીવની સાથે મત્સર કરવો નહીં. મત્સર કરવાથી આ ભવમાં તેમ જ પરભવમાં પણ દુઃખી થવાય છે.' સૃષ્ટિનો સનાતન નિયમ છે કે જેઓ બીજાનું ખરાબ ઈચ્છે છે, તેમનું જ ખરાબ થાય છે. માટે કોઈની સમૃધ્ધિની અદેખાઈ કરવી જોઈએ નહીં.

અમુક ધંધાઓ જ એવા છે કે જેમાં કમાણી કરવા માટે બીજાનું ખરાબ થાય તેવી ઈચ્છા કરવી પડે છે. ધાન્યના વેચાણમાં કમાણી કરવી હોય તો દેશમાં દુકાળ આવે તેની પ્રતિક્ષા કરવી પડે છે. ઔષધિના ધંધામાં કમાણી કરવા માટે લોકો બીમાર પડે તેવી ભાવના ભાવવી પડે છે. વસ્ત્રના ધંધામાં કમાણી કરવા માટે લોકોનાં ઘરોમાં આગ લાગે તેવી કામના કરવી પડે છે. આ પ્રકારે લોકો સંકટમાં આવી પડે એવી માત્ર ઈચ્છા કરવાથી પણ પાપકર્મનો બંધ થાય છે. કમનસીબે દુકાળ પડે તો પણ ડાહ્યા પુરૂષે 'સારૂં થયું' એવો વિચાર કરવો ન જોઈએ. આ પ્રકારનો વિચાર કરવાથી મનમાં મલિનતા આવે છે અને પાપકર્મનો બંધ થાય છે.

જૈન શાસ્ત્રોમાં મનની મલિનતા ઉપર અફલાતૂન દ્દષ્ટાંત આવે છે. બે મિત્રો હતા. એક શુધ્ધ ઘીનો અને બીજો ચામડાનો વેપારી હતો. બંને ખરીદી કરવા જતા હતા. રસ્તામાં એક વૃધ્ધ સ્ત્રીનું ઘર આવ્યું. વૃધ્ધ સ્ત્રીએ બંનેને પોતાને ત્યાં જમવા બોલાવ્યા. તેણે ચામડાના વેપારીને ઘરની બહાર અને ઘીના વેપારીને ઘરની અંદર બેસાડીને જમાડયા. થોડા દિવસ પછી તેઓ ખરીદી કરીને પાછા આવ્યા. ત્યારે વૃધ્ધ સ્ત્રીએ ચામડાના વેપારીને ઘરની અંદર અને ઘીના વેપારીને ઘરની બહાર બેસાડીને જમાડયા. વેપારીએ કારણ પૂછતાં વૃધ્ધાએ જણાવ્યું કે, 'તમે જ્યારે ખરીદી કરવા જતા હતા ત્યારે ચામડાનો વેપારી વિચારતો હતો કે દેશમાં દુકાળ પડે અને પશુઓ ટપોપટ મરે તો મને ચામડું સસ્તુ મળે, જ્યારે ઘીનો વેપારી વિચારતો હતો કે વરસાદ પાણી સારા થાય તો ઘીના ભાવો ઓછા આપવા પડે. ઘીના વેપારીની શુધ્ધ વૃત્તિને કારણે મેં તેને ઘરમાં બેસાડયો અને ચામડાના વેપારીની મલિન વૃત્તિને કારણે મેં તેને બહાર બેસાડયો. તમે ખરીદી કરીને પાછા આવ્યા ત્યારે ઘીનો વેપારી એમ વિચારતો હતો કે દેશમાં દુકાળ પડે અને ઘીના ભાવો વધી જાય તો તેને કમાણી થાય, જ્યારે ચામડાનો વેપારી એમ વિચારતો હતો કે દેશમાં સુકાળ હોય તો તેનું ચામડું સહેલાઈથી વેચાઈ જાય. આ વખતે ઘીના વેપારીની મલિન ભાવનાને કારણે મેં તેને બહાર બેસાડયો અને ચામડાના વેપારીની શુભ ભાવનાને કારણે મેં તેને ઘરમાં બેસાડીને જમાડયો.'

વેપારીએ અથવા શરાફે ધંધામાં વ્યાજ કેટલું લેવું ? એ બાબતનું માર્ગદર્શન પણ 'શ્રાધ્ધવિધિ'માં આપવામાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 'સો રૂપિયે ચારથી પાંચ ટકા સુધીનું વ્યાજ લેવું.' આ વ્યાજ વાર્ષિક નહી પણ માસિક ગણતરી મુજબનું છે. વર્તમાન કાળમાં વ્યાજનો દર વાર્ષિક ૧૨ થી ૧૮ ટકા ચાલે છે, એ અપેક્ષાએ આ વ્યાજ વધુ કહેવાય, પણ દરેક કાળ અને ક્ષેત્ર મુજબ વ્યાજના દરો બદલાતા હોય છે. વર્તમાન કાળમાં પણ બેંકો વારંવાર વ્યાજના દરમાં વધઘટ કરતી હોય છે. વાતનો સાર એટલો છે કે વ્યાજ યોગ્ય દરે જ લેવું જોઈએ. કોઈ વ્યક્તિ પાસેથી વધુમાં વધુ વ્યાજ કેટલું લઈ શકાય ? આ બાબતમાં આપતાં 'શ્રાધ્ધવિધિ'માં કહેવામાં આવ્યું છે કે 'દ્રવ્યની બાબતમાં બમણું અને ધાન્યની બાબતમાં ત્રણ ગણું મૂળ સાથે થાય તેથી વધુ વ્યાજ લેવું નહીં.' વ્યાજની આ મર્યાદા ફરમાવવામાં આવી છે. વેપારીએ વ્યાજ એટલું જ લેવું જોઈએ, જેથી તે નિંદાને પાત્ર ન બને. વર્તમાન કાળમાં અમુક વણિક ખેડૂત વગેરે ગરીબો પાસે એટલું બધું વ્યાજ લેતા હોય છે કે વ્યાજના દેવામાં ડૂબી ગયેલા ખેડૂતોને આપઘાત કરવાની નોબત આવે છે, જેને કારણે વણિકોનો ધર્મ પણ વગોવાય છે. સમજદાર વેપારીએ આટલું જાલિમ વ્યાજ પણ લેવું જોઈએ નહીં.

વેપારમાં કોઈપણ પ્રકારે ગ્રાહકની ઠગાઈ કરવાની સ્પષ્ટ મનાઈ 'શ્રાધ્ધવિધિ'માં ફરમાવવામાં આવી છે. આ માટે સૌ પ્રથમ તો ઠગાઈના વિવિધ પ્રકારોની યાદી આપવામાં આવી છે. વેપારીએ નીચે પ્રકારની ઠગાઈઓ કરવી જોઈએ નહીં :

(૧) દુકાનમાં વજનનાં કાટલાં અથવા માપનાં સાધનો ખોટા રાખવા.
(૨) વજનમાં અને માપમાં ગ્રાહકને ઓછું આપવું.
(૩) સારા પદાર્થોમાં હલકા પદાર્થની ભેળસેળ કરવી.
(૪) મર્યાદા કરતાં ચીજવસ્તુઓની વધુ કિંમત વસૂલ કરવી.
(૫) અયોગ્ય રીતે વધુ વ્યાજ વસૂલ કરવું.
(૬) ખોટાં કામ કરવા કે કરાવવા માટે લાંચ આપવી અથવા લેવી
(૭) ધંધામાં કૂડ-કપટ કરવું
(૮) ખોટું અથવા ઘસાયેલું નાણું અથવા નકલી નોટો આપવી
(૯) કોઈએ કરેલો સોદો ફોક કરાવીને સોદો કરવો.
(૧૦) અન્ય વેપારીના ગ્રાહકોને ભરમાવીને પોતાની પાસે ખેંચવા
(૧૧) નમૂનો એક બતાવીને બીજોમાલ આપવો.
(૧૨) જ્યાં યોગ્ય ન હોય તેવા સ્થળે વસ્ત્રાદિનો વેપાર કરવો.
(૧૩) વેપાર માટે જે કરાર કરવામાં આવ્યા હોય તેમાં ફેરફાર કરવા.

નીતિશાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે, 'જેઓ વેપારમાં ગ્રાહકો સાથે ઠગાઈ કરે છે, તેઓ હકીકતમાં પોતાની જાત સાથે જ ઠગાઈ કરે છે, કારણ કે ઠગાઈ કરવાથી સ્વર્ગના દરવાજા બંધ થઈ જાય છે અને નર્કના દરવાજા ખુલી જાય છે. ઘણા લોકો એવો કુતર્ક કરે છે કે ગરીબ લોકો જો કૂડ-કપટ ન કરે તો પોતાની આજીવિકા કેવી રીતે રળી શકે ? તેવો જવાબ એ છે કે જેઓ વ્યવહાર શુધ્ધ રાખે છે તેમને ત્યાં ગ્રાહકો વધુ આવે છે અને કમાણી પણ વધુ થાય છે. છેતરપિંડી કરનાર વેપારીની દુકાને ગ્રાહક ફરી આવતો નથી.'

નીતિથી જ વેપાર કરવા બાબતમાં 'શ્રાધ્ધવિધિ'માં એક દ્દષ્ટાંત આપવામાં આવ્યું છે. એક નગરમાં હેલાક નામના શેઠ રહેતા હતા. તેમને ચાર પુત્રો હતા અને મોટો પરિવાર હતો. હેલાક શેઠે પોતાની દુકાનમાં ત્રણ શેર, પાંચ શેર વગેરે ખોટા કાટલાં રાખ્યા હતા. દુકાન ઉપર ગ્રાહક આવે ત્યારે પુત્રોને ત્રિપુષ્કર, પંચપુષ્કર વગેરે ગાળ દેવાની સંજ્ઞા કરીને હકીકતમાં ત્રણ શેર, પાંચ શેર વગેરેનાં ખોટાં કાટલાં વાપરવાના ઈશારા કરી દેતો હતો. શેઠના ચોથા પુત્રની વહુ બહુ સમજદાર હતી. તે આ બધો ખેલ જોઈને દુઃખ થતી હતી.

એક વખત બહુએ પોતાના સસરાને સમજાવ્યા કે આપણે ધંધામાં અનીતિ કરવી જોઈએ નહીં. સસરાએ દલીલ કરી કે અનીતિ ન કરીએ તો કમાણી કેમ થાય ? વહુએ કહ્યું કે, તમે છ મહિના સુધી નીતિથી વેપાર કરી જુઓ અને કમાણી વધે છે કે ઘટે છે તે જુઓ. વહુની સલાહ માનીને શેઠે અનીતિ છોડી દીધી એટલે તેમનો ધંધો વધ્યો અને કમાણી પણ વધી. તેમાંથી તેમણે બચત કરીને ચાર તોલા સોનું ખરીદ્યું. હવે શેઠને કસોટી કરવાની ઈચ્છા થઈ કે ન્યાયથી કમાયેલું ધન ખોવાઈ જાય તો પાછું આવે ખરૂં ?

શેઠે ચાર તોલા સુવર્ણને લોખંડથી મઢાવીને એક કાટલું બનાવ્યું અને પોતાની દુકાનમાં વાપરવા લાગ્યા. આ કાટલાં ઉપર શેઠનું નામ લખવામાં આવ્યું હતું. છ મહિના સુધી આ કાટલું વાપરીને તેને નદીમાં નાંખી દીધું. નદીમાં રહેલી માછલી આ કાટલાને પોતાનો ખોરાક જાણી ગળી ગઈ. આ માછલી એક માછીમારની જાળમાં ફસાઈ ગઈ. માછીમારે તેનું પેટ ચીર્યું તો તેમાંથી શેઠના નામનું લોખંડનું કાટલું નીકળ્યું. માછીમારને આ કાટલું કોઈ ખપનું નહોતું એટલે તેણે શેઠની દુકાને આવીને કાટલું પાછું આપી દીધું.

હેલાક શેઠને નીતિની કમાણી ઉપર વિશ્વાસ વધી ગયો. તેઓ ખૂબ ધનવાન થયા. રાજદરબારમાં પણ તેમનું માન વધી ગયું. તેઓ જૈન શ્રાવકોમાં પણ અગ્રેસર ગણાવા લાગ્યા. તેઓ દેશ-વિદેશમાં પોતાની નીતિમત્તા માટે એટલા વિખ્યાત થયા કે તેમનું નામ લેવાથી પણ વિઘ્નો ટળવા લાગતા હતા. એક વખત દરિયામાં વહાણ ડૂબતું હતું ત્યારે વહાણવટીઓ 'હેલા...હેલા...' એમ બોલવા લાગ્યા એટલે વહાણ બચી ગયું. આજે પણ વહાણવટીઓ વહાણ ચલાવતી વખતે હેલા..હેલા.. બોલીને હેલાક શેઠને યાદ કરે છે.(૨૧.૬)

- સમસ્ત મહાજન નેટવર્ક

દિલ્હીની

મતદાન પુરૂ થયું માંડ માંડ, હવે રાહ રહી પરિણામની.
ભેંસથી ટ્રેનમાં બેઠેલા આ લાલુને,હવે બેસવું છે
ગાદી ઉપર દિલ્હીની
માયામેડમને લખનૌ પછી છેલ્લી ખ્વાઈશ,
હવે એને દિલ્હીની
બબુચકસિંહ ને ખંભે બેસી મુલાયમે,
વાટ પકડી છે દિલ્હીની
લટકતી લાળ સાથે લાલીયાઓને,
ઉતાવળ છે જવા દિલ્હીની
હાથે પગે પડી ભયસાબ કહીને અડવાણીની,
છેલ્લી ઈચ્છા દિલ્હીની
જ્યાં ત્યાં ઢોલકી વગાડતા પવારને,
પીપુડી વગાડવી છે દિલ્હીની
નાટકના પાસ વગરના પાસવાનને,
દેખાય છે ગાદી દિલ્હીની
કાચબા ચાલે ચાલતા મનમોહનને,
ઉતાવળ નથી ખોટી દિલ્હીની

- સત્યવિર સોલંકી (ઉપલેટા)

અશક્ય

કોઈ ખરેલુ ફૂલ ઊઠાવી તો જુઓ,
શ્વાસે એની સુગંધ સમાવી તો જુઓ.
હરિયાળી રોમે રોમ ફૂટી નીકળે,
એક તુલસી આંગણે વાવી તો જુઓ.
સામ્રાજ્ય રોશનીનું થશે વિશ્વમાં,
એક દીવો દિલમાં પ્રગટાવી તો જુઓ.
આખા જગતમાં પછી આદર મળે,
બસ એક અહંકાર ગુમાવી તો જુઓ.
બધા જ પાના સાવ કોરા કટ રહે,
ડાયરીમાં ખુદને ટપકાવી તો જુઓ.
છેતરી શકાશે આખી આલમને,
જાતને એક ક્ષણ ભરમાળ તો જુઓ.

- વૃજલાલ રૂપાણી (પોરબંદર)

ખાસડાની બોલબાલા

ઓણુંકી ચૂંટણીમાં અચરજ એ વાતનું કે
ખાસડાની બોલબાલા બહુ છે.
આથમણી દઈશથી ઉપડયો રિવાજ સીધો,
ઉડીને આપણા મલકમાં,
ઉગમણી પરજાનો એવો સભાવ કે,
અપનાવી લીધું પલકમાં.
ઉડવાનો સ્વાદ એવો લાગ્યો પગરખા ને કે
મથે ફેંકાવા હવે સહુ છે,
ખાસડાની બોલબાલા બહુ છે.
ભાષણિયા ભુવાઓ ધૂણે એ રીતથી કે
જોડા ખેંચાય એની મેળે.
જડબું જરા'ક ભલે છેટું રહી જાય પણ
ઘા નથી જાતો ને એળે ?
ટકા બે ટકાનું કહેવાનું ખાસડું ઈ
કરોડોમાં હવે વેચાઉ છે,
ખાસડાની બોલબાલા બહુ છે.
ફુલડાંની ફોરમ તો ફેલાતી રોજ પણ
પગરખું ફેલાયું લોકમાં.
મણ મણ ફુલોના હાર પહેર્યા ભલે હવે,
ખાસડાના હાર પડે ડોકમાં.
પરજાના હાલ ભૂલી ભૂંકે 'સનાતન' સૌ
પરજા તો ગરીબની વહુ છે
ખાસડાની બોલબાલા બહુ છે.

- ભાનુકુમાર જોશી 'સનાતન' (જામનગર)

IPL : શાહરૂખ નામનું નાટકિયું તત્ત્વ ક્રિકેટના મેદાનમાં ઘુસ્યું, પણ પોતાના જ ખેલાડીઓએ એવો ફટકો માર્યો કે આ તત્વ મેદાનને બદલે દ. આફ્રીકાની બાઉન્ડ્રીની બહાર ફેંકાઇ ગયું!!